## <u>ક્રિમીનલ કેસ નંબર–૫૦૦૭૯/૨૦૧૪ ના કામે આંક–૧ નીચે હુકમ::</u>

(૧) હાલની ફરીયાદ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ અન્વયે દાખલ થતા, ફરીયાદીએ પોતાનું વેરીફીકેશન આપી કાયદામાં જણાવેલ પ્રક્રિયાને અનુસરીને સદર ક્રિમીનલ કેસનું કામ આગળ ચલાવવાની બાહેંધરી આપેલ હતી.પરંતુ સદર કેસ ઘણા સમયથી ફરીયાદીના પુરાવા ઉપર ચાલતું હોય, જેમા ફરીયાદી હાજર રહેતા ન હોય તથા તેમના વિ.વ.શ્રી તર્ફે કોઇહાજર માફી રીપોર્ટ કે પુરાવો રજુ કરવા માટે કોઇ મુદત રીપોર્ટ રજુ થયેલ ન હોય, તે જોતા સ્પષ્ટ રીતે જણાઇ આવે છે કે, ફરીયાદીને આ કામ ચલાવવામાં કોઈ રસ નથી, વધુમાં સદર કામના ફરીયાદીએ કોર્ટ સમક્ષ હાજર રહી આરોપીને હાજર રખાવવા માટે પણ કોઇ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી, વધુમાં ફરીયાદ દાખલ કર્યા પછી ફરીયાદ પણ હાજર રહેતા ન હોય, સદર રેકર્ડ જોતા ફરીયાદીની સતત ગેર–હાજરી ને કારણે કામ ચલાવવા વિલંબ થતો હોય, માટે ફરીયાદી આપેલ પુરાવા રદ કરવા તથા હાલનું કામ ફરીયાદીની નિષ્ક્રીયતાને કારણે બીન જરૂરી પડી રહેલ હોય તેમજ ફરીયાદીને આ કામ ચલાવવામાં કોઈ રસ હોય તેવું જણાઇ આવતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

### <u>–: હુ ક મ :–</u>

હાલની ફરીયાદી નો કેસ ક્રી.પ્રો.કો.ની કલમ– ૨૫૬ અન્વયે ડીસમીસ ફોર ડીફોલ્ટે કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ–૧૩ માહે–જુલાઇ સને–૨૦૧૯ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ.૧૩/૦૭/૨૦૧૯

(ધવલકુમાર રમેશચંદ્ર વ્યાસ)
૯ –મા એડી.સીની.સિવીલ જજ અને
ચીફ જ્યુડી.મેજી.ફ.ક. વડોદરા.
કોડ નં. જીજે૦૭૬૭